ફોજદારી કેસ નં.૪૭/૨૦૨૫

## //આંક–૦૧ લગત હુકમ//

**સદરહુ કેસ સમન્સ ટ્રાયેબલ ગુનાનો છે. સદરહુ કેસ અનુસંધાને ગુનો બન્યા તારીખ જોવામાં આવે તો, તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ગુનો બનેલ હોવાનું જણાય આવે છે. તથા સદરહુ કેસ ક્રિમિનલ રજિસ્ટરે તા.૦૩/૦૧/૨૦૨૫ના રોજ નોંધવામાં આવેલ હોવાનું જણાય છે.** આરોપીને વારંવાર પ્રોસેસો કાઢી પોલીસ એજન્સી મારફતે બજવણી અર્થે મોકલાવતા છતાં સદર પ્રોસેસની બજવણી કરાવી આરોપીને હાજર રખાવી કેસની ઈનસાફી કાર્યવાહી આગળ ચલાવવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. **આમ, ફરિયાદપક્ષે આરોપીને પ્રોસેસ બજવણીમાં સતત નિષ્કાળજી દાખવેલ છે.** જેને કારણે સદરહુ કેસ સહેજ પણ આગળ ચલાવી શકાયેલ નથી અને લાંબા સમયથી નિકાલ બાકી રહેલ છે. તેમ હવે ફરિયાદપક્ષે આરોપીને પ્રોસેસ બજવણી માટે વધુ તકો આપવી એ માત્ર નિરર્થક કસરત બની રહે તેમ છે. **આમ, આરોપી નહિ મળી આવવાના કારણે અને તે તમામ હકીકત અને સંજોગોમાં સદરહુ કેસ બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૧ અન્વયે બંધ કરવો યોગ્ય વાજબી અને ન્યાયી જણાતું હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.**

**//હુકમ//**

- **આથી સદરહુ કેસ બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૧ અન્વયે બંધ કરી આરોપી સામેની કાર્યવાહી પડતી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.**
- **વધુમાં આરોપી જયારે પણ હાજર થાય કે રજૂ થાય ત્યારે ફરિયાદપક્ષ ઈચ્છે તો આરોપી સામે બી.એન.એસ.એસ.ની રેલેવન્ટ જોગવાઈ અનુસાર હાલનો કેસ ફરી ખોલાવી શકશે.**

**સદરહુ હુકમ આજરોજ તારીખઃ૨૨મી, માહેઃએપ્રિલ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ ૨૨/૦૪/૨૦૨૬.**
**મુકામઃ ઉપલેટા.**

**(દેવલ યજ્ઞેશ્વર પટેલ)**
**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ**
**ઉપલેટા**
**UIC–GJ01515**